# ખેરોજ જુથની પ્રાથમિક શાળાઓના આદીવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ન ચુકવાતાં હોબાળો

## રૂ. ૨૪ લાખ કરતાં વધુ રકમની શિષ્યવૃત્તિ લાંબા સમય સુધી ચુકવાઈ નથી છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી

ખેડબ્રહ્મા, તા.૬

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ જુથની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ૨૦૧૩ના વર્ષની ગણવેશ સહીતની રૂ. ૨૪ લાખ કરતાં વધુ રકમની શિષ્યવૃત્તિ લાંબો સમય થયો હોવા છતાં ન ચુકવાતાં શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હોબાળો મચી જવા પામ્યો છે. ૨૦૧૩ના શાળા પ્રવેશોત્સવ પછી ચુકવાયેલી શિષ્યવૃત્તિ કયાં અટવાઈ ગઈ અને શા માટે ચુકવવામાં આવી નથી તે અંગે તપાસ થાય તો આદીવાસી બાળકોની શિષ્યવૃત્તિ અટકાવવાથી કોને લાભ થયો અને કોની કોની મીલીભગત છે તે બહાર આવે તેમ છે.

ખેડબ્રહ્મા તાલુકામાં અનુસૂચિત જન જાતિના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગણવેશ સહીતની વિદ્યાર્થી દીઠ રૂ. ૫૫૦ની શિષ્યવૃત્તિનો લાભ શાળા પ્રવેશોત્સવ પછી આપવામાં આવે છે. ખેડબ્રહ્મા તાલુકાના મટોડા બીટની ખેરોજ જુથની ૨૫ પ્રાથમિક શાળાઓમાં ૨૦૧૩ની શિષ્યવૃત્તિ હજી સુધી ચુકવવામાં ન આવતા આ વિસ્તારમાં હોબાળો મચી જવા પામ્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ૨૦૧૩ના શાળા પ્રવેશોત્સવ સમયે આદીવાસી વિદ્યાર્થી દીઠ રૂ. ૫૫૦ મુજબ ગણવેશ સહીતની શિષ્યવૃત્તિ ખેરોજ જુથની ૨૫ શાળાઓ માટે જુન ૨૦૧૩માં રૂ. ૧૩૩૮૨૫૦ અને નવેમ્બર ૨૦૧૩માં રૂ. ૧૧૦૩૦૫૦ મળી કુલ રૂ. ૨૪૪૧૩૦૦ની રકમ સરકાર દ્વારા ચુકવવામાં આવી હતી. આ શિષ્યવૃત્તિ ૨૦૧૪ના શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમની જાહેરાત થઈ હોવા છતાં ખેરોજ જુથના ૪૦૦૦ કરતાં વધુ બાળકોને શિષ્યવૃત્તિ મળી નથી. શાળાના આચાર્યો તથા બાળકોના વાલીઓએ આ અંગે કેળવણી નિરિક્ષકને રજુઆત કરી હોવા છતાં કોઈ નકકર કાર્યવાહી કરવામાં ન આવતાં વાલીઓમાં રોષ ફેલાયો છે. આ જુથની કેટલીક શાળાઓના આચાર્યોએ તો ઉનાળુ વેકેશન શરૂ થતાં પહેલા પણ તંત્રને રજુઆત કરી હતી.

આદીવાસી વિસ્તારના પછાત બાળકોના ઉત્થાન માટેની અને બાળકો શાળામાં આવતા થાય અને સાક્ષર બને તેવી સરકારની ઉમદા યોજનાનો અમલ ન થતો હોવાથી આદીવાસી બાળકો આવા લાભથી વંચિત રહી જાય છે લાખો રૂપિયાની શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી બાળકોને ન પહોંચાડી સરકારી નાણાં અને તેના વ્યાજનો ચુનો લગાડનાર જુથ મંત્રી સહીત જવાબદાર સામે પગલાં ભરવાની તાલુકામાં માંગ ઉઠવા પામી છે.

### ગોરવાડા પાસે ટ્રેક્ટર અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં પતિ-પત્નીનું મોત

સાબરકાંઠાના હિંમતનગરના ગોરવાડા ગામ પાસે ગુરુવારે રાત્રીના ટ્રેક્ટરે રિક્ષાને ટક્કર મારતા પતિ પત્નીના મોત નીપજ્યા હતા જ્યારે એક મહિલાને ઈજા થવા પામી હતી. હિંમતનગરથી ૧૫ કિમી દૂર આવેલ અરજણપુરા ગામના તખુબેન જગતસિંહ મકવાણા અને તેમના પતિ જગતસિંહ બાપુસિંહ મકવાણા અને ઉર્મિલાબેન ભનુસિંહ મકવાણા ગુરુવારે રાત્રીના સમયે રિક્ષામાં સવાર થઈને નાની ડેમાઈ ગામે તખુબેન તેમના નણંદની ખબર અંતર પુછવા જઈ રહ્યા હતા. દરમ્યાન રસ્તામાં ટ્રેક્ટરે રિક્ષાને ટક્કર મારતા રિક્ષામાં બેઠેલ પતિ પત્ની અને અન્ય એક મહિલાને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે તાત્કાલિક હિંમતનગર સિવિલમાં સારવાર માટે લાવ્યા હતા જ્યાં પતિ-પત્નીનું મોત નીપજયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત ઉર્મિલાબેનને સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ પરિવારજનો અને ગ્રામજનોને થતાં તાત્કાલિક હિંમતનગર સિવિલમાં દોડી આવ્યા હતા. બનાવ અંગે સિવિલના ડોક્ટરે વિપુલ જાનીએ પોલીસને જાણ થતા પોલીસે ઘટતી કાર્યવાહી ધરી હતી.

# વકાર-અમજદને સોંપવાની અરજી પર આજે સુનાવણી

## હૈદરાબાદ પોલીસ અધિકારીઓ મારફ્તે કોર્ટમાં અપીલ આરોપીઓની વિરુદ્ધ હૈદરાબાદમાં પણ કેસો થયેલા છે

અમદાવાદ, તા.૦૬

શહેરના મણીનગર વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ વિનય યાદવ પર ગોળીબાર કરી મૃત્યુ નિપજાવવાના કેસમાં સંકળાયેલા હૈદરાબાદના આરોપીઓ અને હાલ સાબરમતી જેલમાં બંધ વકાર અહેમદ અને સૈયદ અમજદ અલીની કસ્ટડી મેળવવા હૈદરાબાદ સ્થિત ઓક્ટોપસ પોલીસ મથકના અધિકારીઓએ એડિશનલ મેટ્રોપોલીટન સેશન્સ જજ મારફતે અમદાવાદ સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં અરજી મોકલી છે. જેના પર આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. હવે કેસમાં બંને આરોપીઓને કોર્ટ હૈદરાબાદ પોલીસના હવાલે કરશે કે કેમ એ સવાલ છે. બીજી તરફ વિનય યાદવ કેસની ટ્રાયલ આગળ ચલાવવા બંને આરોપીઓની હાજરી વગર કાર્યવાહી થાય તેની પણ પ્રક્રિયા થઈ શકે છે.

આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદ અલી અને મહમ્મદ હનીફે સંગઠન રચી ગોધરાકાંડના રમખાણોનો બદલો લેવા અમદાવાદ આવ્યા હતા જ્યાં તેઓએ લૂંટ કરી પૈસાથી હથિયારો ખરીદી પોલીસ અધિકારીઓનો મર્ડર કરવાનું ષડયંત્ર હતું. મહમ્મદ હનીફ અમદાવાદનો સ્થાનિક રહેવાસી હતો તેણે શહેરમાં રહેતા સંબંધીઓ મારફતે સૈયદ અમજદ અલીને રામોલમાં ભાડાનું મકાન અપાવ્યું હતું ત્યારબાદ લખનૌમાં રહેતા ઈઝહાર ખાનને પણ કાવતરામાં સામેલ કર્યો હતો. આરોપીઓએ કાંકરીયા વિસ્તારમાંથી બાઈક ચોરી હતી. તા. ૮ નવેમ્બર ૨૦૦૭ના રોજ મણીનગર પોલીસ સ્ટેશનના બે પોલીસ કોન્સ્ટેબલ પર તેઓએ ફાયરીંગ કર્યું હતું કેમ કે પોલીસને આરોપીઓની હરકત શંકાસ્પદ લાગી હતી જેના કારણે તેઓએ તેમની ઝડતી લેવા પ્રયત્ન કર્યો હતો પરંતુ આરોપીઓએ ફાયરીંગ કરી દીધું હતું જેમાં વિનય યાદવનું મોત થયું હતું. આરોપીઓએ હૈદરાબાદમાં પણ ક્રાઈમ કર્યું હતું અને તેઓ ત્યાંથી પકડાયા હતા અને પોલીસ કબુલાતમાં તેઓએ વિનય યાદવ મર્ડરની કબુલાત કરી હતી જેના પગલે તેઓને અમદાવાદ લાવવામાં આવ્યા હતા. અને કેસની ટ્રાયલ ચલાવવામાં આવી હતી. આ કેસમાં મૃતકનું પીએમ કરનાર ડોક્ટર જેવી શાહે કોર્ટમાં જુબાની આપી દીધી છે. હવે આંધ્રપ્રદેશ હાઈકોર્ટે આરોપીઓ વિરૂદ્ધ હૈદરાબાદમાં થયેલા કેસ ઝડપથી ચલાવવા હુકમ કર્યો જેના પગલે હૈદરાબાદ પોલીસે એડિશનલ મેટ્રોપોલીટન સેશન્સ જજ મારફતે આરોપીઓની કસ્ટડી મેળવવા અરજી આપી છે જેની આવતીકાલે સુનાવણી હાથ ધરાશે.

### કુચાવાડા પાસે ટ્રેલરની ટક્કરે બાઈકસવારનું મોત

ડીસા, તા. ૬

ડીસા તાલુકાના કુચાવાડા પાસે પુરપાટ ઝડપે જઈ રહેલા ટ્રેલરે બાઈકને ટક્કર મારતા એક ઠાકોર યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું.

ડીસા તાલુકાના કુચાવાડા પાસે પુરપાટ અને ગફલતભરી રીતે આવી રહેલ ટ્રેલર (એચ.આર. એસએસ.એચ ૦૩૯૨) ના ચાલકે બાઈક ચાલકને હડફેટે લેતા બાઈકસવાર શ્રવણજી તેજાજી ઠાકોર (રહે. ભાચરવા, તા. ડીસા)ને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થતા ડીસા સારવાર અપાયા બાદ વધુ સારવાર અર્થે પાલનપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતા પરીવારજનોમાં ઘેરા આઘાતની લાગણી પ્રસરી જવા પામી હતી. આ બાબતે રમેશજી સતાજી ઠાકોર રહે. ભાચરવાએ ટ્રેલર ચાલક સામે ડીસા રૂરલ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૨૭૯, ૩૦૪(અ) મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રતિનિધિમંડળ સાબરમતી રિવરફ્રન્ટ જોઈ આશ્ચર્યમાં

અમદાવાદ, તા.૦૬

નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બનતાની સાથે જ દેશમાં ગુજરાત મોડલ લાગુ કરવાની નીતિઓ ચાલુ થઈ રહી છે જે અંતર્ગત હાલ શહેરમાં દિલ્હીની પંડિત દિનદયાલ યુનિવર્સિટી અને ભારત સરકારના કેટલાક અધિકારીઓનું એક ડેલિગેશન પ્રવાસ પર આવ્યું છે. જેમાં તેઓએ સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધી હતી. સાબરમતી નદીના રિવરફ્રન્ટની સ્વચ્છતા અને સુઘડતા જોઈ અધિકારીઓ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા અને રિવરફ્રન્ટ પ્રોજેક્ટના ખુબ જ વખાણ કર્યા હતા.

દિલ્હીના અધિકારીઓ ગુરૂવારથી અમદાવાદ શહેરમાં છે. આ અદિકારીઓ ગુજરાતથી પાછા ફર્યા બાદ વીજળી અને પાણીની મુશ્કેલીથી તડપી રહેલા દિલ્હી માટે ગુજરાતના તર્જ પર ડ્રાફ્ટ તૈયાર કરશે. આ ઉપરાંત આ ડેલિગેશન અમદાવાદનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દિલ્હીની યમુના નદી પર લાગુ કરી શકાય કે કેમ તેની ચકાસણી કરી રહ્યું છે તેમજ સાબરમતીને ફરીથી જીવીત કરવા માટે વપરાયેલી ટેકનોલોજી અને ગુજરાતમાં વિજળીની મુશ્કેલી દૂર કરવા સોલર એનર્જી કેવી રીતે કામ કરી રહી છે તેનો અભ્યાસ પણ કરી રહ્યું છે.

# દરિયાપુર કાઉન્સિલરની રેસ્ટોરન્ટમાં આગ લાગી

શહેરના દરિયાપુર વિસ્તારના કાઉન્સીલર નાઝનીનબેન બાસ્તાવાલા પોતે ધ કબાબીશ નામની રેસ્ટોરન્ટ ચલાવે છે. જેમાં આજે સવારે નવ વાગ્યાની આસપાસ રેસ્ટોરન્ટમાં કોઈક કારણોસર અચાનક જ શોર્ટ સર્કીટ થવાને કારણે આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડની ગાડીએ જલ્દીથી ઘટના સ્થળે પહોંચીને આગને કાબુમાં લીધી હતી. આગ લાગવાથી રેસ્ટોરન્ટના એસી સહિતની ચીજ વસ્તુઓ આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી. આગના કારણે રેસ્ટોરન્ટમાં આશરે પોણા લાખ રૂપિયાનું નુકશાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### નરેન્દ્ર મોદીના સત્તારોહણ અંગે આજે સાંજે સીડીસીમાં કિશોર મકવાણાનો વાર્તાલાપ

વલ્લભ વિદ્યાનગર, તા., ૬

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ. એમ. પટેલ કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી)ના ઉપક્રમે શનિવાર, ૭ જૂન ૨૦૧૪ના રોજ સાંજના ૪ થી ૫ કલાક દરમિયાન કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષના સત્તારોહણ અને વડાપ્રધાનપદે શ્રી નરેન્દ્ર મોદી આરૂઢ થવાના ઘટનાક્રમ અંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ગુજરાતી મુખપત્ર 'સાધના'ના તંત્રી રહેલા અને અત્યારે 'નમસ્કાર' સામયિકના તંત્રી શ્રી કિશોર મકવણા તથા ગુજરાત ભાજપના મીડિયા કન્વીનર પ્રા.ડૉ.હર્ષદ પટેલનો વાર્તાલાપ યોજવામાં આવ્યો હોવાનું સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું. બીજેવીએમ સામે આવેલા સીડીસી ભવનમાં યોજાયેલા આ વાર્તાલાપનો લાભ લેવા રસ ધરાવતા બુદ્ધિજીવીઓને જાહેર આમંત્રણ છે.

# રણાસણ ગામે વેચેલા પ્લોટનું બાનાખત કરી ૧૧ લાખની છેતરપીંડી કરતા ફરિયાદ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસણ ગામે એક વર્ષ પહેલા એક ઈસમને વેચેલો પ્લોટનો બાનાખત કરી રૂ. ૧૧ લાખ છેતરપીંડી કરી પડાવી લેતા તલોદ પોલીસમથકે મહિલા સહીત ચાર વિરુદ્ધ ફરિયાદ ગુરૂવારે સાંજે નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે એક વર્ષ પહેલા તા. ૮-૭-૧૩ના રોજ તલોદના માલવણ ગામના બાસુબેન ઘેલાભાઈ રબારી, છગનભાઈ વાસીભાઈ રબારી, મોડાસા તાલુકાના કિશોરપુરા ગામના રાકેશભાઈ કાન્તીભાઈ પટેલ અને તલોદના રમોસ ગામના પ્રકાશભાઈ કણકાભાઈ પરમાર આ ચારેયની ટોળકીએ હિંમતનગરના કરણપુર ગામના ગીરીશકુમાર રમણભાઈ પટેલને રણાસણ ગામે આવેલ બાસુબેન ઘેલાભાઈ રબારીની જમીન બતાવી જે બતાવેલ જમીન બીજાને વેચાણ આપી હોવા છતાં ગીરીશભાઈને બાનાખત કરી આપી રૂ. ૧૧ લાખ આ ટોળકીએ છેતરપીંડી કરી પડાવી લેતા એક વર્ષ બાદ તલોદ પોલીસમથકે આ ચારેય સામે ગીરીશભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

# કાંકરોલ પાસે હોટલ આગળ ઉભેલી ટ્રકમાંથી ૩.૬૦ લાખના કાપડના રોલની ચોરી

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કાંકરોલ ગામ પાસે આવેલ એક હોટલ આગળ ગુરૂવારે વહેલી સવારના સમયે ઉભેલ ટ્રકમાંથી પેન્ટના કાપડના રોલ રૂ. ૩.૬૦ લાખનો ચોરી થતા ગુરૂવારે સાંજે હિંમતનગર એ ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે પર આવેલ કાંકરોલ ગામ પાસેની જોગણીયા દાલબાટીની સામે બુધવારે રાત્રીના ટ્રક નંબર એચ.આર.-૬૧-એ-૩૫૨૨ ઉભો રાખ્યો હતો જે ટ્રકમાં જીન્સના કાપડના ૨૨૫ રોલ હતા જેમાં આઈવીવાઈ ટેક્ષ ટાઈલ્સ પ્રા. લીમીટેડ કંપનીના બ્લ્યુ કલરના જીન્સના કાપડના ૨૨ રોલ તથા નોવા ટેક્ષટાઈલ કંપનીના જીન્સના કાપડના રાખોડી કલરના ૧૪ રોલ આમ આ ટ્રકમાંથી બંને કંપનીના જીન્સના કાપડના નાના મોટા ૩૬ રોલની અંદાજે રૂ. ૩ લાખ ૬૦ હજારની મત્તાની ગુરૂવારે વહેલી સવારે કોઈ અજાણ્યા ઈસમોએ ચોરી કરી લઈ ગયેલ આ અંગે ગુરૂવારે સાંજે હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે હરિયાણાના મેવાત જીલ્લાના ફિરોજપુર જીરકા તાલુકાના ખેડલી ગામના ટ્રક ચાક અર્શદ ઉમર ખાને ફરિયાદ નોંધાવી હતી.

# વાવ ખાતે કૃષિ મહોત્સવ પ્રસંગે ખેડૂત શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૬





કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લાના વાવ મુકામે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કૃષિ મહોત્સવ -સંગે ખેડૂત શિબિર યોજાઈ હતી. આ -સંગે મંત્રીશ્રીએ -ાસંગિક -વચન કરતાં જણાવ્યું હતું કે ખેડુતોની સુખાકારી અને તેમના કલ્યાણ માટે નવ વર્ષ પહેલાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હવે આપણા દેશના વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ કૃષિ મહોત્સવ અભિયાનને લીધે ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં આમૂલ અને સુખમય પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે આ અભિયાનથી ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. મંત્રીશ્રી ચૌધરીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજયની વિકાસકૂચ અવિરતપણે આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે ઉત્તર ગુજરાતમાં નર્મદાની નહેર છે તેવા વિસ્તારોમાં નહેર પાસે પાણીના હોઝ બનાવવામાં આવશે. આ કામગીરીનો -ારંભ બનાસકાંઠા જીલ્લાના વાવ મુકામે પાયલોટ -ોજેકટ દ્વારા કરવામાં આવશે. મંત્રીશ્રીએ કહ્યું કે મધ્યમ વર્ગના જે પરિવારો બી.પી.એલ. માં સમાવિષ્ટ નથી તેમના માટે વાર્ષિક માત્ર રૂ.૪૦૦-૦૦ ના -ીમીયમમાં રૂ. ૧ લાખનું વીમા કવચ આપવાનું સરકારનું આયોજન છે. તેમણે કહ્યું કે નર્મદાનું પાણી બનાસકાંઠા જિલ્લાના ગામેગામ પહોંચે તે માટે આવતા અઠવાડીયે નર્મદા નિગમના અધિકારીઓ સાથે બેઠક કરાશે તેમાં ખેડૂતો પણ પોતાના સુચનો રજુ કરી શકશે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને અનુરોધ કરતાં જણાવ્યું કે નવા સંશોધનો અને વૈજ્ઞાનીક ખેતપધ્ધતિઓ વિશે અધતન જાણકારી મેળવવા આપણે કૃષિમહોત્સવ -સંગે સહભાગી બની કૃષિ વૈજ્ઞાનીકો અને નિષ્ણાતો પાસેથી સરસ જાણકારી મેળવી ખુબ સારૂ ખેતઉત્પાદન મેળવીએ. તેમણે કહ્યું કે આયોજન, આધુનિક ખેતપધ્ધતિઓ અને બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ખેતી કરીએ તો મબલખ આવક લઈ શકાય છે. કચ્છ જીલ્લાના ખેડૂતોનું ઉદાહરણ આપતાં મંત્રીશ્રીએ કહ્યું કે કચ્છના ઘણા ખેડૂતો ખારેકના પાકમાંથી વરસે કરોડો રૂ.ની આવક મેળવી શકે છે ત્યારે બનાસકાંઠા જીલ્લાના ખેડૂતમિત્રો પણ આમાંથી -ેરણા અને માર્ગદર્શન મેળવી આગળ વધે તો ખુબ સારી આવક મેળવી શકે છે. મંત્રીશ્રીએ -ગતિશીલ ખેડૂતોને પોતાના અનુભવો વિશાળ સંખ્યામાં ખેડૂતો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવ અભિયાનમાં કૃષિ વૈજ્ઞાનિકો અને આ ક્ષેત્રના નિષ્ણાંતો ગામડાઓ ખુંદી વળીને ખેડુતોને સામેથી જઈને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી વિશે વિસ્તૃત માર્ગદર્શન અને જાણકારી આપી રહયા છે ત્યારે આપણે પણ નવી અને અધતન માહિતી મેળવી તેનો ઉપયોગ કરી સુખી-સમૃધ્ધ ખેડૂત બનીએ. તેમણે કહ્યું કે ટપક સિંચાઈ માટે સરકારશ્રી દ્વારા ૬૦ ટકા સબસીડી આપવામાં આવે છે તેનો લાભ લઈને ઓછા પાણી અને ઓછી મહેનતથી ધાર્યુ ઉત્પાદન લઈએ.

જિલ્લા પંચાયતના -મુખશ્રી રાજેન્દ્રભાઈ જોષીએ કહ્યું કે આપણા દેશના લોકપ્યિ વડા-ધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની મક્કમ ઈચ્છાશકિત અને -યાસોને લીધે બનાસકાંઠા જીલ્લામાં નર્મદાના નીર આવ્યા છે તેનાથી આ વિસ્તારમાં લીલીછમ હરિયાળી અને સમૃધ્ધિ પથરાઈ રહી છે.

# પ્રાંતિજના બોભા ખાતે કૃષિરથનું સ્વાગત કરાયું તજજ્ઞોએ ખેડૂતોને વિવિધ માહિતી આપી

પ્રાંતિજ, તા. ૬

રાજયમાં અત્યારે વિવિધ તાલુકાઓમાં કૃષિ રથો ફરી રહેલ છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામે કૃષિ રથના આજના તા. ૬-૬-૨૦૧૪ના કાર્યક્રમમાં અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ જોડાયા હતા. બોભા ગામ તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો હાજર રહ્યા હતા. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વિવિધ શાખાના તજજ્ઞો, વૈજ્ઞાનિકોએ વિવિધ વિષયોનું વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. પૂર્વ શિક્ષણ મંત્રીશ્રી જયસિંહજી ચૌહાણે કૃષિરથ દ્વારા આધુનિક કૃષિ સંશોધનોનો લાભ લેવા સરકારના પ્રયાસોમાં ભાગીદાર થવા અનુરોધ કરેલ.

સાબરકાંઠાના પૂર્વ કલેક્ટર અને અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ જણાવેલ કે કૃષિ-પશુપાલન વિગેરે બાબતોમાં અત્યારે સંશોધનો થઈ રહ્યા છે પ્રયોગો થઈ રહ્યા છે. અને તેના અંતે ખેડૂતોને જે ખરેખર ઉપયોગી અને ફાયદાકારક જણાય તેવી નિતનવી શોધો અંગે જાણવા સમજવા અને લાભ લેવા અનુરોધ કરતા જણાવેલ કે, ભારતના વડાપ્રધાન નેરન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરેલ વિવિધ કાર્યક્રમોથી ગુજરાતની પ્રજાને જબરજસ્ત લાભ મળેલ છે અને તેમના પછી વર્તમાન મુખ્ય પ્રધાન આદરણીય આનંદીબેન પટેલે પણ તેમના પોતાના જ્ઞાન અને બહોળા અનુભવ આધારે મુખ્યમંત્રી તરીકે ચાર્જ સંભાળતા તાત્કાલિક તમામ પ્રવૃત્તિઓને જબરજસ્ત વેગ આપેલ છે. જેના સુંદર પરિણામ તાત્કાલિક ધોરણે જોઈ શકાય છે. તે આ કૃષિ રથના કાર્યક્રમોથી સાબિત થઈ રહેલ છે.

કૃષિરથના આ કાર્યક્રમમાં ખેડૂત ભાઈ-બહેનોને કૃષિ વૈજ્ઞાનિક અને તજજ્ઞો મારફતે કૃષિ સંલગ્ન માહિતી આપવામાં આવી. આધુનિક ખેતી વિષયક તેમજ પશુપાલનની પણ જાણકારી અપાઈ. દરમ્યાન કિટ્સનું વિતરણ પણ ઉપરના મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું. જિલ્લાના પોગલુ ગામના ચેતનાબેન પટેલ કે જેઓએ મરચાની ખેતી કરીને ૧ લાખ ૪૦ હજારનું ઉત્પાદન મેળવેલ જેનો દાખલો બોભા ગામની ખેડૂત બહેનો-ભાઈઓ લે અને આ પ્રકારની ખેતી કરી વધુ ઉત્પાદન મેળવે છે.

આ કાર્યક્રમમાં સર્વેશ્રી જિલ્લા પંચાયત સદસ્ય દોલતસિંહ ઝાલા, તાલુકા ભાજપ પ્રમુખ રમેશભાઈ પટેલ, જિલ્લા/તાલુકા ભાજપ ડેલીગેટ, ગામના સરપંચ, ઉપસરપંચ તથા જિલ્લા પશુપાલન નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, જે.આર. પટેલ, કૃષિ ખાતાના અધિકારીશ્રી પ્રજાપતિ, કૃષિ યુનિવર્સિટી દાંતીવાડાના જુદા જુદા શાખાના તજજ્ઞશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટરશ્રી મકવાણા, શાળાના આચાર્યશ્રી, ગામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન